# સુરત મહાનગરપાલિકા
## સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોન
## <u>પ્રેસનોટ</u>

**(૧)** સુરત મહાનગરપાલિકાના સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોન વિસ્તારમાં આવેલ ડ્રા.ટી.પી.સ્કીમ નં.૩૩(ડુંભાલ), ફા.પ્લોટ. નં. ૨૩, એચ.ટી.સી-૨ માર્કેટની પૂર્વ દિશા તરફની કેનાલ રોડ પર આવેલ અંદાજીત ૭,૮૫૦ ચો.મી. જગ્યામાં કબ્જેદારો તરફથી જી.આઈ. શીટ તથા એમ. એસ. ચેનલની તેમજ ટેકા-પતરાવાળી ટેમ્પરરી દુકાન/ ગોડાઉનો કુલ ૭૬(છોતેર) નંગ સુરત મહાનગરપાલિકાની મંજુરી વગર બનાવેલ. સદર દુકાન/ગોડાઉનોમાં લાકડા ફર્નિચરની વસ્તુઓ ભેગી કરવી, કપડાના વેસ્ટ, જર્જરીત મકાનનો લાકડાનો સામાન, ઓટોમોબાઈલના ગેરેજ-કલર કરવાની દુકાન તરીકે વપરાશ કરવામાં આવી રહેલ, **આવા પ્રકારની પ્રવૃત્તિને કારણે આગજનની ઘટના બનવાની શક્યતા રહેલ હોય**, જાહેર જાન-માલની સુરક્ષાહેતુ અત્રેની કચેરીએથી તા.૨૨/૦૫/૨૦૨૩ થી નોટીસ પાઠવવામાં આવેલ તેમજ તા. ૨૩/૦૬/૨૦૨૩ તથા તા.૧૭/૦૧/૨૦૨૪ ના રોજ સ્થળ પર ડીમોલીશન કરી રૂ.૧,૦૦,૦૦૦/- ડીમોલીશન ચાર્જ પેટે વસુલ કરવામાં આવેલ. **સદર જગ્યાના કબ્જેદારો તરફથી ટેમ્પરરી બાંધકામની પરવાનગી મેળવેલ ન હોવાથી અત્રેની કચેરીએથી તા.૦૪/૦૩/૨૦૨૫ થી નોટીસ આપી** તા.૧૩/૦૩/૨૦૨૫ ના રોજ દુકાન/ગોડાઉનોને સીલ કરવામાં આવેલ. **કબ્જેદારો તરફથી લેખિતમાં બાંહેધરી પત્રક આપ્યા બાદ પણ ટેમ્પરરી સ્ટ્રકચરના બાંધકામની પરવાનગી અને ફાયર સેફ્ટીના** ઉપકરણો સ્થળ પર પૂરા પાડવામાં/ઈન્સ્ટોલ કરવામાં ન આવેલ તેમજ ફાયર વિભાગ તરફથી પણ સદર ટેમ્પરરી સ્ટ્રકચરના કબ્જેદારો તરફથી ફાયર ઉપકરણો **સ્થળ પર પૂરા પાડેલ ન હોવાનું અત્રેની** કચેરીએ જણાવવાથી, **અત્રેની કચેરીએથી પણ સદર ગેરકાયદેસર બાંધકામની પરવાનગી મેળવવાનું વારંવાર જણાવ્યા પછી પણ કબ્જેદારો તરફથી ટેમ્પરરી સ્ટ્રક્ચરના બાંધકામની** પરવાનગી માટે કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા. આજરોજ તા.૦૫/૦૪/૨૦૨૫ ના **રોજ સદર તમામ ટેમ્પરરી ગોડાઉનના** ડીમોલીશનની કામગીરી સાઉથ-ઈસ્ટ(લિંબાયત) ઝોન દ્વારા હાથ ધરી રૂ. ૧,૫૦,૦૦૦/- **ડીમોલીશન ચાર્જ** વસુલ કરવામાં આવેલ છે.

**(૨)** સુરત મહાનગરપાલિકાના સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોન વિસ્તારમાં આવેલ ફા..ટી.પી.સ્કીમ નં.૦૭(આંજણા),ફા.પ્લોટ. નં. ૧૭૨ માં આવેલ શ્રી રામેશ્વર સોસાયટીમાં, ફા..ટી.પી.સ્કીમ નં.૦૭(આંજણા),ફા.પ્લોટ. નં. ૧૩૧ **માં આવેલ સરસ્વતી ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીમાં** તેમજ ફા..ટી.પી.સ્કીમ નં.૦૭(આંજણા),ફા.પ્લોટ. નં. ૧૬૧ **માં આવેલ નસરવંજી ઈન્ડસ્ટ્રીયલ પાર્ક સોસાયટીમાં મળી કુલ અંદાજે** ૯૦૦.૦૦ ચો.મી. **જગ્યામાં** સુરત મહાનગરપાલિકાની પૂર્વ મંજુરી વગરના અનઅધિકૃત ટેમ્પરરી સ્ટ્રક્ચર જેમાં પૂઠા, પ્લાસ્ટીક વેસ્ટના પતરાના શેડના ગોડાઉન કાર્યરત હતાં. જેનાં હિતસંબંધ ધરાવવનારને અત્રેની કચેરીએથી તા.૧૩/૦૨/૨૦૨૫ તેમજ તા.૨૪/૦૨/૨૦૨૫ **ના રોજ સદર ગેરકાયદેસર ટેમ્પરરી સ્ટ્રકચરના બાંધકામ દુર કરવા માટે નોટીસ** પાઠવવામાં આવેલ. **સદર ત્રણે લોકેશન પરના કુલ** ૦૭(સાત) ટેમ્પરરી ગોડાઉનના ડીમોલીશનના ડીમોલીશનની કામગીરી આજરોજ તા.૦૫/૦૪/૨૦૨૫ **ના રોજ સદર તમામ ટેમ્પરરી ગોડાઉનના ડીમોલીશનની કામગીરી** સાઉથ-ઈસ્ટ(લિંબાયત) ઝોન દ્વારા હાથ ધરી રૂ. ૨૫,૦૦૦/- **ડીમોલીશન ચાર્જ** વસુલ કરવામાં આવેલ છે.

ઝોન **વિસ્તારમાં અન્ય સ્થળ પર આવા પ્રકારના જોખમી**, જાન-માલનું હિત સચવાતું ન હોય તેવા ટેમ્પરરી બાંધકામો સામે ઉક્ત મુજબની ઝુંબેશ હવે પછીના દિવસોમાં પણ સતત ચાલુ રાખવામાં આવનાર છે.

સદર કામગીરી સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોનના માન.ડેપ્યુટી કમિશ્નરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ કાર્યપાલક ઇજનેરશ્રીના નેતૃત્વ હેઠળ લિંબાયત ઝોનના શહેર વિકાસ વિભાગના ૦૪ જુની./આસી ઇજનેર, ૦૫ ટેક.આસી. તેમજ ૩૫(પાંત્રીસ) જેટલા બેલદારો, ૦૨ સીક્યુરીટી સ્ટાફ સાથે સંયુક્ત રીતે કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં. ૧૨**
**તા.૦૫/૦૪/૨૦૨૫**







